Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ
# SHREE ATMANAND PRAKASH




પુસ્તક : ૯૭ ✠ અંક ૭-૮

વૈશાખ-જેઠ

મે-જુન : ૨૦૦૦

✠ આત્મ સંવત : ૧૦૪ ✠

卐

✠ વીર સંવત : ૨૫૨૬ ✠

卐

✠ વિક્રમ સંવત : ૨૦૫૬ ✠


अनुकूलेन मार्गेण व्रजन् यातीप्सितं स्थलम् ।
प्रतिकूलेन मार्गेण व्रजन् दूरे भवेत् ततः ।।

અનુકૂળ (સાચા) માર્ગે ચાલનાર ઇચ્છિત સ્થળે પહોંચી જાય છે, જ્યારે અવળે માર્ગે ચાલનાર ઇચ્છિત સ્થળથી દૂર થતો જાય છે.

He who goes along the right path, reaches his desired place, while walking along a reverse one, he is becoming more remote from his aim.

(કલ્યાણભારતી ચેપ્ટર-૭ : ગાથા-૩ * પૃષ્ઠ ૧૬૦)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | મોહ છોડ ( કાવ્ય ) .... .... .... | શ્રી જયેન્દ્ર પંડ્યા | ૭૩ |
| (૨) | માણસ ભલે પાપ અને દુષ્કૃત્યો કરે નહીં પરંતુ થવા દે તો પણ એ દોષિત છે.... | શ્રી મહેન્દ્ર પુનાતર | ૭૫ |
| (૩) | અહંકાર .... .... .... .... | શ્રી ધૂની માંડલિયા | ૭૯ |
| (૪) | એ લેખ હવે શાનો ઉતરે ? .... | શ્રી લક્ષ્મીચંદ છ. સંઘવી | ૮૧ |
| (૫) | સમજણ વગરની ભક્તિ એટલે સુવાસ વગરનું પુષ્પ .... .... | શ્રી હરિભાઈ ત્રિવેદી | ૮૪ |
| (૬) | મુંબઈમાં યોજાયેલો શ્રીમદ્ રાજચંદ્ર દેહવિલય શતાબ્દી વર્ષનો વિશિષ્ટ આંતરરાષ્ટ્રીય મહોત્સવ .... .... .... | — | ૮૫ |
| (૭) | કમળીનું કારમું કષ્ટ ટળ્યું .... | અ સૌ. પાનબાઈ રાયશી ગાલા | ૮૭ |
| (૮) | પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો ( ગતાંકથી ચાલુ * હપ્તો : ૧૯મો ) .... | — | ૯૧ |
| (૯) | મુંબઈમાં ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવની શાનદાર ઉજવણી .... .... | ટા. પેજ | ૩ |


**આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ**

## શ્રી ભરતભાઈ પ્રેમચંદભાઈ શાહ (વાસણવાળા)–ભાવનગર

## ડૉ. શ્રી રાજેશભાઈ શાંતિલાલ સોમાણી – ભાવનગર

**શ્રી આત્માનંદ પ્રકાશ**

હે જીવ ! તારા મકાનની બારી ખોલ તો
સૂર્ય કિરણો બહાર ઉભા જ છે
તુરત તારા પર વરસી જશે....

તારા માટે પ્રભુની....ગુરૂની પણ
અચિંત્ય અનારાધાર કૃપા વરસી જ રહી છે
જરૂર છે માત્ર તારે હૃદયદ્વાર ખોલવાની....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ



## મોહ છોડ

( રાગ : જાગ રે માલણ જાગ....મેરૂ માલણ )

જાગ રે માનવ જાગ, જાગ રે માનવ જાગ;
નરભવ મળ્યો જન્મ દીપાવજે, જાગ રે માનવ જાગ
....જાગ રે માનવ૦ ૧

પરિગ્રહ કરી મોહ વધારે, મમતા વધતી જાય,
સુખ મળશે એમ લાગે પણ, આવે દુઃખની છાંય;
છોડ રે માનવ છોડ, મોહ મમતા છોડ,
અક્ષય સુખ મેળવવા માટે, પ્રભુમાં મનડું જોડ.
....જાગ રે માનવ૦ ૨

વાદ વિવાદમાં જીવન વીતે, મેળવતો નહિ કાય,
તરંગોના મહેલ ચણાવે, પળમાં તૂટી જાય;
છોડ રે માનવ છોડ, વાદ તરંગો છોડ,
સત્ય પંથે જાવા માટે, સંગ પ્રભુનો જોડ.
....જાગ રે માનવ૦ ૩

ધર્મ તારક બની રહે છે, નિત્ય રહે એ સાથ,
જન્મને દુર કરવા માટે, માંગ પ્રભુનો સાથ;
જોડ રે માનવ જોડ, ધર્મમાં જીવન જોડ,
**વૃદ્ધિચંદ્ર મંડળ** ગાવે, પૂણ્યથી બંધન જોડ.
....જાગ રે માનવ૦ ૪

—રચયિતા : **અમુલખ ડી. શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

“શ્રી આત્માનંદ પ્રકાશ” માસિક ઉત્તરોત્તર પ્રગતિના
સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સહ....



શુદ્ધ વનસ્પતિ તેલોમાંથી બનાવેલ

# ડબલ ડી-ડી સાબુ

તથા

# ૯૦૯ જૈન સાબુ વાપરો

ઉત્પાદક :

## નિરવ સોપ ફેકટરી

પ્રેસ રોડ, એલ. પી. હાઈસ્કૂલવાળો ખાંચો,
ભાવનગર ૩૬૪૦૦૧ ▫ ફોન : ૫૧૬૬૪૬



સેલ્સ ડીપો :

## લક્ષ્મી સાબુ ભંડાર

ગોળ બજાર, ભાવનગર ૩૬૪૦૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માણસ ભલે પાપ અને દુષ્કૃત્યો કરે નહીં પરંતુ થવા દે તો પણ એ દોષિત છે....

—લેખક : **મહેન્દ્ર પુનાતર**

**જીવનની** બે બાજુઓ છે. એક એનું વિધાયકરૂપ અને બીજું એનું નિષેધકરૂપ. એક હકારાત્મક અને બીજું નકારાત્મક, એક સક્રિય અને બીજું નિષ્ક્રિય. આ બે પહેલું પર જીવનનું ચક્ર ચાલ્યા કરે છે. જીવનમાં આપણે જે કાંઇ છીએ અને જે કાંઇ કરીએ છીએ તેમાં આ બંનેનું પ્રદાન હોય છે. સક્રિય રહીને અને નિષ્ક્રિય રહીને પાપ-પૂણ્ય થતું હોય છે. સાધારણ રીતે આપણે માનીએ છીએ કે પાપ અને પૂણ્ય સક્રિય રીતેજ થઇ શકે છે, પરંતુ એવું નથી. આપણે કાંઇક કરીને અથવા નહીં કરીને પાપ-પૂણ્યનું પોટલું બાંધતા હોઈએ છીએ. કાં તો સીધી રીતે કરતા હોઇએ છીએ અથવા આડકતરી રીતે થઈ જાય છે. એક માણસ લૂંટાઇ રહ્યો છે કે તેની પર જુલ્મ થઈ રહ્યો છે કે તેને મારી નાખવા માટે કોઇ તૈયાર થયું છે અને આપણે ઊભા ઊભા જોઇ રહ્યા છીએ અથવા આપણી નજર સમક્ષ એ ઘટના બની રહી છે અને આપણે કશું કરતા નથી તો મહાવીર ભગવાન કહે છે કે આ પાપ થઇ ગયું. નકારાત્મકરૂપથી નિષ્ક્રિય રહીને આપણે પાપમાં ભાગીદાર થઇ ગયા. જે બાબત આપણે રોકી શકતા હતા તે રોકી શકયા નહીં. આપણે ભલે પાપ કર્યું નહીં, પરંતુ પાપ થવા દીધું એટલે આપણે પણ આ માટે દોષિત બની ગયા.

જે દુષ્કૃત્યો અને પાપ આપણે પોતે કરીએ છીએ એને માટે તો આપણે જવાબદાર છીએ જ, પરંતુ જે પાપ બીજાઓ કરે છે પણ આપણે તેમને તેમ કરવા દઇએ છીએ એ માટે આપણે પણ દોષિત છીએ. દુનિયામાં પાપ કરવાવાળા માણસો વધારે નથી, પરંતુ નિષ્ક્રિય રહીને પાપ કરવા દેવાવાળા માણસો વધારે છે. પાપ અને દુષ્કૃત્યો વધ્યા છે તેનું મુખ્ય કારણ તેને રોકવાની મોટા ભાગના માણસોની નિષ્ક્રિયતા છે. મહાવીર પ્રભુએ કહ્યું છે કે પાપ કરવું અને પાપ થવા દેવું બંને માટે માણસ જવાબદાર છે.

મન, વચન અને કાયાએ કરીને ૪૨ કારણરૂપ આશ્રવોથી ઉત્પન્ન થનારા કર્મોને રોકનાર આત્માના શુદ્ધભાવોનું નામ છે સંવર. જૈન શાસ્ત્રકારોએ સંવરના ૫૭ ભેદ બતાવ્યા છે અર્થાત્ ૫૭ પ્રકારે આવતા કર્મોને અટકાવી શકાય છે. આ ૫૭ પ્રકાર છે-૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૧૦ યતિ ધર્મ, ૧૨ ભાવના, ૨૨ પરિષદ અને ૫ ચારિત્ર્ય. આમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ પર ખાસ ભાર મૂકયો છે. આમાં સાધનાનું એક વિધાયક પાસુ છે અને બીજું નિષેધક. પાંચ સમિતિ વિધાયક છે ત્રણ ગુપ્તિ નિષેધક છે આ આઠ સૂત્રોનો મર્મ જે પકડી લે છે અને જીવન જીવવાની કળા શીખી જાય છે તેને ધર્મનો સ્વયં અનુભવ થઇ જાય છે. તેને સત્યનો સાક્ષાત્કાર થઇ જાય છે. આવો મનુષ્ય જે કાંઇ બોલે છે તે ધર્મ બની જાય છે. હકીકતમાં તે બોલવા માટેનો સાચો હક્કદાર બની જાય છે.

આજે માણસ બોલી રહ્યો છે, પરંતુ તે શું બોલી રહ્યો છે, શા માટે બોલી રહ્યો છે તેની તેને ખબર નથી. માણસ જે કાંઇ કહે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં તેની પૂર્ણ જાણકારી નથી માણસ જ્યારે કશુંક કહેતો હોય છે ત્યારે પોતે જ જાણકાર છે, સામા કરતા વધુ જાણે છે તેવો અહેસાસ અનુભવતો હોય છે આનાથી તેના અહંકારને તૃપ્તિ મળે છે. એક માણસ બોલતો હોય છે અને બીજો સાંભળતો હોય છે. બંને એક-બીજા પર હાવી થવાના પ્રયાસો કરતા હોય છે. વાર્તાલાપોમાં માણસો એક-બીજાને સાંભળવા કરતા સંભળાવવા માટે ટાંપીને તત્પર થઇને બેઠા હોય છે. તેમનું સમગ્ર ધ્યાન આક્રમક સ્વરૂપે હોય છે. મોકો મળતા તેઓ શરૂ કરી દે છે.

માણસ બોલતો હોય ત્યારે સીધી કે આડકતરી રીતે કાંઇક સલાહ આપતો હોય છે અથવા કાંઇક કરવા ન કરવા પ્રેરતો હોય છે. કોઇપણ બાબતમાં કશું પૂર્ણપણે જાણ્યા વગર, સમજ્યા વગર અજ્ઞાનમાં આપેલી સલાહ સામા માણસને મુશ્કેલીમાં મૂકી દે છે. આમાં શુભદ્રષ્ટિ હોય તો પણ વ્યર્થ છે. સલાહ આપવાનું બહુ સહેલું છે. તેનાથી આપણા અહંકારને તૃપ્તિ મળે છે. જેનો કોઇ માર્ગ હોતો નથી. તેઓ પણ માર્ગદર્શન આપતા હોય છે. સલાહ મફત મળે છે. જોઇએ તેના કરતા વધુ મળે છે, પરંતુ સલાહને કોઇ માનતું નથી. તે લેવા કરતા આપવી વધુ સારી લાગે છે એને કારણે જ આ જગતમાં શિષ્યો કરતા ગુરુઓ અને કાર્યકરો કરતા નેતાઓ વધારે છે.

## માણસ જ્યારે ખરાબ કામ કરે છે ત્યારે તે હોશ ગુમાવી બેસે છે

મહાવીર ભગવાને કહ્યું છે કે, જેઓ આ આઠ સૂત્રો અને સાધનામાંથી પસાર થતા નથી તેમનું બોલવાનું અને સલાહ આપવાનું વ્યર્થ છે. ભગવાન મહાવીરે ૧૨ વર્ષ સુધી મૌન ધારણ કર્યું હતું. બોલવું સહેલું છે, પરંતુ મૌન જાળવવું મુશ્કેલ છે. જે વ્યક્તિ ૧૨ વર્ષ સુધી મૌન રહે તેને કશું કહેવાનું રહે જ નહીં, તેમનું મૌન જ ભાષા બની જાય છે.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં સમિતિ વિધાયક – સકારાત્મક છે અને ત્રણ ગુપ્તિઓ નિષેધક - નકારાત્મક છે. આ પાંચ સમિતિ છે– ઇર્યા, ભાષા, એષણા, આદાન – નિક્ષેપ અને પારિષ્ઠાપનિકા.

ઇર્યાનો અર્થ છે સાધક. જે કાંઇ પ્રવૃત્તિ કરે તેમાં સાવધાની રાખે. ચાલવા ફરવાની ક્રિયામાં કોઇપણ જીવને સહેજ પણ દુઃખ ન પહોંચે તેનો ખ્યાલ રાખે. મહાવીર ભગવાને કહ્યું છે, 'ઉઠો, બેસો, ચાલો એમાં સાવધાની અને જાગૃત્ત રાખો' કોઇપણ પ્રવૃત્તિ બેહોશિમાં ન થાય તેનો પૂરેપૂરો ખ્યાલ રાખવો તેનું નામ ઇર્યા સમિતિ. આપણે જે કાંઇ કરી રહ્યા છીએ તે બેહોશિમાં કરી રહ્યાં છીએ. માણસ જ્યારે ખરાબ કામ કરે છે ત્યારે હોશ ગુમાવી બેસે છે. મૂર્છિત બની જાય છે. હિંસામાં, જૂઠમાં, ચોરીમાં પાપમાં વાસનામાં માણસ હોશમાં રહેતો નથી. માણસ જાગૃત થાય છે ત્યારે તેને ખ્યાલ આવે છે કે 'આ મેં શું કરી નાખ્યું, આમ કેમ થઇ ગયું ?' ત્યારે પસ્તાવાનો પાર રહેતા નથી. આપણે બેહોશિના નશામાં જીવી રહ્યાં છીએ. કોઇને ધનનો, કોઇને પદનો તો કોઇને પ્રતિષ્ઠાનો કેફ ચડેલો છે. સાધનાનો અર્થ છે નશાને તોડી નાખવો. સાવધાની અને જાગૃતિથી જીવવું. જે હોશ સંભાળે છે તેને કોઇ નશો ચડતો નથી.

ભાષા સમિતિ એટલે હોશપૂર્વક સંયમપૂર્વક ભાષાનો ઉપયોગ આ સંયમ એટલી હદ સુધી હોવો જોઇએ જ્યાં ભાષા મૌન બની જાય અને મૌન ભાષા બની જાય જરૂર કરતા વધારે ન બોલવું. આપણે બોલીએ ત્યારે જ ભાષાનો ઉપયોગ થાય છે એવું નથી. આપણે કશું બોલતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી ત્યારે પણ ભાષાનો મનોવ્યાપાર ચાલુ રહે છે. આ ભીતરનો મનોવ્યાપાર આપણી ઊર્જાને ખતમ કરી નાખે છે. બોલવું નહી એટલે અંદરથી પણ ચૂપ થઇ જવું માણસ અસ્વસ્થ છે તેનું મુખ્ય કારણ અંદરથી તે વિક્ષિપ્ત છે.

ત્રીજી સમિતિ છે એષણા. આનો અર્થ છે જીવન જીવવા માટે જેટલું જરૂરી છે તેનો વિચારપૂર્વક, હોશપૂર્વક ઉપયોગ કરવો અને એટલું જ સ્વીકારવું. એક વખતના ભોજનથી જીવન ચાલી શકે તો બે વાર ભોજન લેવાની આવશ્યકતા નથી. પાંચ કલાકમાં ઊંઘ પૂરી થઇ જાય તો પછી સૂતા રહેવાનો કોઇ અર્થ નથી. જરૂરત કરતા જેટલું વધુ તેટલો તે ભોગ અને છેવટે રોગ.... જેટલાથી ચાલી શકે તેટલાથી ચલાવવું.

આદાન-નિક્ષેપ સમિતિ એટલે પોતાના કામમાં આવનાર ચીજોને એવી રીતે લેવી મુકવી કે જેમાં હિંસા ન થાય. લોકો જે આપે અથવા જે પ્રાપ્ત થાય તેમાં સીમા રાખવી. જેટલું મળે તેટલું સ્વીકારી લેવું નહીં. ખપ પૂરતું જ રાખવું અને સ્વીકારવું. પારિષ્ઠાપનિકા સમિતિ એટલે શરીરના મેલ, અન્ન-પાણી વગેરે ચીજોને એવા સ્થાને મૂકવી જેમાં હિંસા ન થાય અને બીજાને મુશ્કેલી ન પડે.

ત્રણ સમિતિઓ છે-મનો ગુપ્તિ, વચન ગુપ્તિ અને કાયા ગુપ્તિ ગુપ્તિનો અર્થ છે સંકોચાઇ જવું, સમેટી લેવું, સિમિત થઇ જવું. મનો ગુપ્તિ એટલે મનની ચંચળતાને રોકવી, મનના ફેલાવાને સિમિત કરી દેવો. મનનો વ્યાપ આકાશ જેટલો છે. મન એક પળમાં સેંકડો માઇલ દૂર જઇ શકે છે. મન ભટકતું રહે છે. તેને અટકાવવાનું છે મનને એટલુ સિમિત કરી દેવાનું છે કે તે હૃદયમાં સમાઇ જાય, ઇચ્છા રહિત બની જાય.

વચન ગુપ્તિ એટલે શબ્દોની જાળને ફેલાવવી નહીં. નિરર્થક પ્રલાપ કરવો નહીં અને જે બોલવું તે સત્ય અને પ્રિય બોલવું. શબ્દો કમાનમાંથી છૂટેલા તીર જેવા હોય છે. એક વખત છૂટયા પછી તેને રોકી શકાતા નથી.

ત્રીજી છે કાય ગુપ્તિ શરીરનું ગોપન કરવું. વિના પ્રયોજન શારીરિક ક્રિયા ન કરવી. શરીરની સ્વચ્છંદ ક્રિયાનો ત્યાગ કરવો. કાયાને ફેલાવવી નહીં, તેને સંવારવી નહીં.

આ આઠ મુકિતના સૂત્રો છે, આ સાધના છે. જ્યાં જ્યાં બંધનોમાં આપણે જકડાયેલાં છીએ ત્યાં ત્યાં શૃંખલાને તોડવાની આ પ્રક્રિયા છે. માણસ આ આઠ સૂત્રોને ધ્યાનમાં રાખીને વહેવાર કરે તો ધર્મને સાચા અર્થમાં પામી શકે છે. જીવન જીવવાનો આ ઉત્તમ માર્ગ છે.

---

મુંબઇ સમાચાર તા ૫-૪-૯૮ના
"જિન દર્શન" વિભાગમાંથી સાભાર....

---

## અન્યના દુઃખ માટે....

અન્યના દુઃખો પ્રત્યે જે નરમ રહે છે
અને
જાતના દોષો પ્રત્યે જે ગરમ રહે છે;
એ આત્માને માટે
ચરમપદ અને પરમપદ
જરાય દૂર નથી....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્રોધની અનર્થકારકતા

જે ભારત માટે મહાભારતનું યુદ્ધ પરિચિત છે,
એ ભારતની પ્રજાને ક્રોધની અનર્થકારકતા સમજાવવાની
ભાગ્યે જ આવશ્યકતા ગણાય.
ક્રોધ અનર્થોની અનેક પરંપરા સર્જી શકે એમ છે.
ક્રોધ કયા કયા અનર્થોનું સર્જન કરી શકે? એવો સવાલ
કરવાને બદલે એવો સવાલ જ કરવો જરૂરી ગણાય કે,
ક્રોધ કઈ જાતના અનર્થોનો સર્જક નથી બની શકતો?
જાત-જાત અને ભાત-ભાતના અનર્થોની પરંપરા ક્રોધ
સર્જી શકે છે, એનો પાર પામી શકાય એમ નથી,
છતાં ક્રોધ દ્વારા ત્રણ તો મોટા અનર્થો સર્જાતા હોય છે.
ક્રોધ અનર્થોનું મૂળ છે, ક્રોધ સંસાર વર્ધક છે,
ધર્મનો ક્ષય કરનાર ક્રોધ છે.
આવી ત્રિવિધ અનર્થ પરંપરાનો સર્જક બનતો ક્રોધ
એથી જ તજવા લાયક છે....

**SHASHI INDUSTRIES**

Selarsha Road, BHAVNAGAR-364 001
Phone : O. 428254 - 430539


Rajaji Nagar, BANGALORE-560 010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અહંકાર



**– ધૂની માંડલિયા**

અહંકાર – અભિમાન બહુ બૂરી ચીજ છે. અહંકાર–અભિમાન જ પરમાત્માની ઝાંખીને આડે આવતો અંતરાય છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ અનુભવ વાણીમાં કહ્યું છે કે જો માન (અભિમાન) ના હોત તો મોક્ષ અહીં જ છે. મોક્ષ આડેનો અવરોધ એ અભિમાન છે. અભિમાન બહુ છદ્મવેશી હોય છે. અભિમાન શેષ હોવાની સ્થિતિ જ પરમપદ છે. આપણું અભિમાન આપણને જ થકવે છે અને આપણે એવું માનીએ છીએ કે આપણે આપણા માન–અભિમાનથી સામાને થંભાવી દીધો, ચૂપ કરી દીધો, મહાત કરી દીધો !....

અહંકારશૂન્ય જીવનનું બીજું નામ છે– અમૃતમય જીવન. જ્યાં અહંકાર છે ત્યાં જીવન ઝેરમય છે, પ્રાણઘાતક છે. અહંકાર જ્યાં નથી ત્યાં આત્મા છે. આત્મા આકાશની જેમ અસીમ અને અનંત છે અને તે જ અમૃત છે.

અહંકાર હંમેશાં પોતાને સામેનાથી ચડિયાતો બતાવવામાં જ વ્યસ્ત રહેતો હોય છે. અભિમાન અદ્વિતીયતા જ ઇચ્છે છે. સાવ નમ્ર-વિનમ્ર દેખાતા માણસને છેવટે નમ્રતાનું અભિમાન ઘેરી વળે છે. અહંકારથી મળેલો કે મળતાં આનંદની અવધિ તણખલાને પવન અડે અને એની જે હાલત થાય તેટલી હોય છે.

એક કરોડપતિએ એક મહેલ બંધાવ્યો. જીવનની છેલ્લી અવસ્થામાં તે મહેલમાં રહેવા આવ્યો હતો. રહેવા માટે જે બાંધીએ છીએ તેને બાંધી લેતાં તેમાં રહેવાનું જ રહી જાય છે!

મહેલ તો અજોડ બન્યો હતો. સૌન્દર્ય, શિલ્પ અને સુવિધામાં આ મહેલ અદ્વિતીય બન્યો હતો. બીજો કોઇ ધનિક તેની તોલે હતો નહીં. આખી નગરીમાં તેની જ ચર્ચા ચાલતી હતી. જે કોઇ મહેલ જોતુ તે મંત્રમુગ્ધ બનતું. છેવટે રાજા પણ જોવા આવ્યો. તેને પણ પોતાની આંખો પર વિશ્વાસ બેઠો નહીં. તેનો પોતાનો મહેલ પણ આ મહેલ પાસે ફિક્કો લાગતો હતો. અંદરથી તો રાજાને પણ ઇર્ષા થઇ. પણ ઉપરથી પ્રશંસા કરી. મહારાજાએ કરેલા વખાણનો આભાર માનતા કરોડપતિએ કહ્યું. "આ બધી પ્રભુની કૃપા છે." પણ તે અંદરથી તો એવું જ માનતો હતો કે આ આપણી મહેનતનું ફળ છે. તે અંદર અભિમાનથી ફુલાતા હતો.

કરોડપતિ શેઠ રાજાને વળાવવા દરવાજા સુધી આવ્યો અને કહ્યું, "મેં મહેલમાં એક જ દ્વાર રાખ્યું છે; જેથી ચોરી થવાનો સંભવ નથી. કોઇ અંદર આવે કે બહાર જાય પણ તેણે આ દરવાજે આવ્યા વિના છૂટકો નથી."

એક વૃદ્ધ પણ દરવાજે આવીને ભીડમાં ઊભો રહી ગયો હતો. કરોડપતિની વાત સાંભળી તે જોરથી હસ્યો. રાજાએ તેને પૂછ્યું, 'કેમ હસો છો'? તે બોલ્યો, "એનું કારણ મકાન-માલિકના કાનમાં કહેવા જેવું છે." પછી તે તેની પાસે ગયો અને કાનમાં કહ્યું, મહેલના દરવાજાની પ્રશંસા સાંભળી મને હસવું આવ્યું. આ આખા મહેલમાં એ એક જ ખરાબી છે. મૃત્યુ એ જ દરવાજેથી આવશે અને એ જ દરવાજેથી તને બહાર લઇ જશે. એનો બીજો દરવાજો હોત તો વધુ ઠીક થાત."

જીવનનું જે કોઇ ભવન મનુષ્ય બનાવે છે એ બધામાં આ જ જાતની ખરાબી રહી જતી હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારા જીવનમાં પણ આવો એક જ દરવાજો હોય તો માનજો કે એ દ્વાર અહંકારનું જ દ્વાર છે. જ્યાં બધા દરવાજા દરવાજા જ હોય છે ત્યાં દરવાજો જ નથી અહંકાર તમારા જીવનમાં દીવાલો ઊભી કરે છે, પણ પછી ખ્યાલ આવે છે કે પોતાને આવવા જવા માટે ઓછામાં ઓછો એક દરવાજો તમારે રાખવો પડે છે. આ દ્વાર તે મૃત્યુનું દ્વાર છે, જેને તમે જીવનભર તમારા અહંકારથી શણગારતા રહ્યા હતા.

દિવ્યધ્વનિ માસિકના જાન્યુઆરી-૨૦૦૦ના અંકમાથી જનહિતાર્થે સાભાર....


રોકાણકારો માટે અમુલ્ય તક

# ભાવનગર નાગરિક સહ. બેંક લી.

હેડ ઓફીસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર
ફોન : ૪૨૯૦૭૦-ફેકસ નં. (૦૨૭૮) ૪૨૩૮૮૯

: શા ખા ઓ :

| | | | |
|---|---|---|---|
| ડોન-કૃષ્ણનગર | વડવા નેરા ચોક | રૂપાણી - સરદારનગર | ભાવનગર-પરા |
| ફોન : ૪૩૯૭૮૨ | ફોન : ૪૨૫૦૭૧ | ફોન : ૫૬૫૯૬૦ | ફોન : ૪૪૫૭૯૬ |
| રામમંત્ર મંદિર | ઘોઘા રોડ શાખા | શિશુવિહાર સર્કલ | |
| ફોન : ૫૬૩૮૩૨ | ફોન : ૫૬૪૩૩૦ | ફોન : ૪૩૨૬૧૪ | |

સલામત રોકાણ આકર્ષક વ્યાજ સિદ્ધિ સદ્ધરતા

| | | | |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૪૫ દિવસ સુધી | ૬ ટકા | શેર ભંડોળ | ૪.૦૯ કરોડ |
| ૪૫ દિવસથી ૯૦ દિવસ સુધી | ૭ ટકા | ડીપોઝીટ | ૧૯૩.૨૩ કરોડ |
| ૯૧ દિવસથી ૧ વર્ષની અંદર | ૮ ટકા | ધિરાણ | ૯૫.૦૨ કરોડ |
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૧૦ ટકા | રીઝર્વ ફંડ તથા અન્ય ફંડો | ૨૬.૯૭ કરોડ |
| ૨ વર્ષથી ૫ વર્ષની અંદર | ૧૧ ટકા | વર્કીંગ કેપીટલ ૩૫૦ કરોડ ઉપરાંત | |
| ૫ વર્ષ કે તે ઉપરાંત | ૧૧.૫ ટકા | : વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ મળો : | |

૭૨ માસે ડબલ ઉપરાંત રૂા. ૧૦૦૦/-ના રૂા. ૨૦૩૧/- મળે છે


વેણીલાલ મગનલાલ પારેખ-ચેરમેન

મનહરભાઈ એચ. વ્યાસ
જનરલ મેનેજર

નિરંજનભાઈ દલપતરામ હવે
મેનેજીંગ ડીરેકટર


For Private And Personal Use Only

# એ ભેખ હવે શાનો ઉતરે ?



મંત્રી ઉદયનનું નામ ઇતિહાસકારોએ ઊજળા અક્ષરે નોંધ્યું છે. કાબેલ મંત્રી તરીકે રાજ્યમાં તેની પ્રતિષ્ઠા હતી.

એક વાર પાડોશી રાજ્ય સાથે યુદ્ધ થયું. જગતમાં માનવીને યુદ્ધ વિના કેમ ચાલતું નહીં હોય ? કંઇક ને કંઇક નિમિત્ત શોધીને એ જંગ માટે તત્પર થઇ ઊઠે છે. બાકી વાસ્તવમાં તો સંતો અને મહાત્માઓ કહે છે તેમ, યુદ્ધ તો માણસે પોતાની ભીતરના દુર્ગુણો સામે જ ખેલવાનું છે.

મંત્રી ઉદયનનું સૈન્ય વિજયી થયું. દુશ્મનને પરાસ્ત કરીને ઉલ્લાસભેર મંત્રી ઉદયન પોતાના સૈન્ય સાથે પાછા ફરતા હતા.

ત્યાં જ એકાએક મંત્રી ઉદયનની તબિયત બગડી.

વિજયના ઉલ્લાસમાં ઊંડો અજંપો ભળ્યો.

મંત્રી ઉદયનની બિમારી સામાન્ય નહોતી. વાટમાં જ એમનું પ્રાણ પંખેરૂ ઊડી જશે એમ સહુને ખાતરી થઇ ગઇ. સહુ વ્યથિત અને ચિંતિત થઇ ઊઠયા.

સૈન્યની સાથે મંત્રી ઉદયના બે ભાઇઓ પણ હતા. એક ભાઇએ માતૃધર્મ બજાવતાં મંત્રી ઉદયનને પૂછયું. 'ભાઇ, મૃત્યુ તો આત્માને પરમાત્માનું મિલન કરાવતી એક મંગળ ક્ષણ છે, માટે જીવને જરાય ઉચાટ થવા ન દેશો. તમારી આખરી તમન્ના કંઇ હોઇ તો કહો '

મંત્રી ઉદયનના ચહેરા પર તેજની દિવ્ય આભા લહેરાઇ રહી. તે બોલ્યા 'બંધુ તમારા જેવા બબ્બે ભાઇ હોય એના જીવને ઉચાટ વળી કેવો ? કિન્તુ મારી આખરી તમન્ના એક છે.

'શી તમન્ના છે ભાઇ ?'

'છેલ્લી પળે મારી પાંપણ મિંચાય તે પહેલાં કોઇ જૈન સાધુ ભગવંતના દર્શન કરવા છે. યુદ્ધની કતલ તો ઘણી જોઇ, પણ કોઇ ધર્મ-પુરૂષની પાવનકારી પ્રતિમાનાં દર્શન થાય તો પંડથી છૂટતા મારા પ્રાણ કૃતાર્થ થઇ જાય....

'ધીરજ ધરો ભાઇ ! થોડા જ સમયમાં કોઈ જૈન સાધુને હું તેડી લાવું છું....'

વચન તો આપી દીધું. પણ હવે જૈન સાધુ લાવવા કયાંથી ? આ તે કાંઇ નગર થોડું જ હતું ? ને અરણ્યમાં હિંસક પ્રાણી મળે, જૈન સાધુ કયાંથી મળે ? સહુ ચિંતા કરવા લાગ્યા. મંત્રી ઉદયનની આંખો જૈન સાધુને નિહાળવા વિહ્વળ બનતી ગઇ.

એવામાં ત્યાંથી એક બહુરૂપી પસાર થયો. સહુને વિચાર આવ્યો કે આ બહુરૂપીને જૈન સાધુનો વેશ પહેરાવી દીધો હોય તો કેવું ! મરનારના આત્માની શાંતિ માટે એમ કરીએ તો શું ખોટું ? સહુએ બહુરૂપીને વિનંતી કરી. બહુરૂપી કહે, 'સાધુ તો બનું', પણ મંત્રીની સામે ઊભા કેમ રહેવાનું ? બોલવાનું શું ? એ બધું મને ના ફાવે.'

કોઇએ કહ્યું, 'તારે માત્ર "ધર્મલાભ" એટલું જ બોલવાનું'. જો તું આટલું કરે તો તને ઇનામમાં એક સો સોનામહોરો મળશે.'

બહુરૂપીએ જૈન સાધુનું રૂપ લીધું. શ્વેત વસ્ત્રો પરિધાન કર્યાં. હાથમાં લાલ પાત્રા લીધાં. એક હાથમાં દંડો અને ઓઘો ઝાલ્યાં. બહુરૂપી પહોંચ્યો મંત્રી ઉદયનની પાસે ને બોલ્યો: 'ધર્મલાભ....'

મંત્રી ઉદયન આશ્ચર્યવિભોર બનીને હળવેથી ઉઠયા. સાધુના ચરણે સાષ્ટાંગ વંદન કરી રહ્યા. 'સાધુ'એ પુનઃ 'ધર્મલાભ' કહી મંત્રી ઉદયનના માથે હાથ મૂકયો.

થોડો સમય વીત્યો ને મંત્રી ઉદયનનું મૃત્યુ થયું.

સહુએ પેલા બહુરૂપીને કહ્યું, 'ભાઇ, તારો ખૂબ ખૂબ આભાર....લે, આ સોનામહોરોનું તારું ઇનામ. ને હવે તારો આ વેશ બદલી નાખ.... ત્યાં તો બહુરૂપી બોલ્યો :

'એ શું બોલ્યા, ભાઇ ! મારે હવે ના ઇનામ જોઇએ, ના આભાર. આ વેશ હવે કયારેય આ દેહથી અળગો નહિ થાય. જે ભેખને મોટા ભૂપ નમે, એ ભેખ હવે હું શાનો ઉતારું....?'

ને સાચે જ, એ બહુરૂપીએ જીવનભર માટે જૈન સાધુનું ચારિત્ર્ય સ્વીકારી લીધું.

જીવનમાં ચેતવાની પળ કયારેક ઓચિંતી જ આવી જાય છે. અને એવી પળે જે ચેતી જાય તેનું આયખું લેખે લાગી જાય. જે એવી તક ચૂકી જાય એના માટે જીવતરનો ફેરો ફોગટ જ ગયો ગણાય !

આપણા જીવતરનો ફેરો આપણે શા માટે ફોગટ જવા દઇએ ? ચેતાનાની ક્ષણ તો અત્યારે જ આપણી પાસે છે.

ચેતી જઇશું ને ?

[ લેખક શ્રી લક્ષ્મીચંદભાઈ છ. સંઘવીના પુસ્તક 'દૃષ્ટાંત રત્નાકર'માંથી જનહિતાર્થે સાભાર ]

Trade Mark No. 750822 Copy Right No. 56029/99

શુદ્ધ વનસ્પતિ તેલોમાંથી બનાવેલ એકમાત્ર

વિજયનો જૈન સાબુ વાપરો

અધિકૃત વિક્રેતા :
વિજય એજન્સી
ફોન : ૪૨૬૭૨૮
વિજય સેલ્સ કોર્પોરેશન
ફોન : ૫૧૬૭૮૨

ઉત્પાદક :
વિજય સોપ એન્ડ ડીટર્જન્ટ ઇન્ડસ્ટ્રીઝ
મોતીતળાવ રોડ, કુંભારવાડા,
ભાવનગર-૩૬૪ ૦૦૬
ફોન O. ૫૧૦૪૬૧ R. ૫૬૨૨૮૬

# સમજણ વગરની ભક્તિ એટલે સુવાસ વગરનું પુષ્પ

**સંત જ્ઞાનેશ્વર** અને **ચાંગદેવ** નામના સમર્થ સંતો થઈ ગયા. બન્ને સંતોની સુવાસ ચારે બાજુ ફેલાયેલી. બન્ને ખૂબ વિદ્વાન અને જ્ઞાની.

એક વખત ચાંગદેવ સંત જ્ઞાનેશ્વર પર પત્ર લખવા બેઠા. શીર્ષક શું આપવું એ માટે મૂંઝાયા. ચાંગદેવ સંત જ્ઞાનેશ્વરથી ઉંમરમાં મોટા એટલે પૂજ્ય લખાય નહીં. બીજા કોઈ વિશેષણ લખવા માટે મૂંઝાયા એટલે ચાંગદેવે પત્રમાં કંઈ જ લખ્યું નહીં અને કોરો કાગળ મોકલાવી આપ્યો. સંત જ્ઞાનેશ્વર પત્ર જોઇ ઘડીભર આશ્ચર્યચક્તિ થઇ ગયા. કાગળ કોરો જ હતો. તેમાં કશું જ લખાણ નહોતું એટલે સંત જ્ઞાનેશ્વરે માત્ર એટલો જ જવાબ લખ્યો "તમે સમર્થ સંત હોવા છતાંય કોરા તે કોરા જ રહ્યા"

આજે મોટા ભાગના માનવી પ્રભુભક્તિ કરે છે, જપ કરે છે, પંડિત તરીકે ઓળખાય છે. પરંતુ વાસ્તવિક રીતે કોરાને કોરા જ હોય છે.

ઘણા માણસો ખૂબ ભક્તિ કરે છે, જપ કરે છે. સંતોના પ્રવચનો સાંભળવા જાય છે, મંદિરમાં જાય છે, યજ્ઞ કરે છે, યાત્રા કરે છે છતાંય તેઓ કોરા ને કોરા જ રહે છે. જગદીશ્વરને જોવાને બદલે જગતને જ જોતાં હોય છે. અંતર્યામીની સાથે સતત્ સમાગમમાં રહેવાને બદલે સ્વાર્થમાં જ સતત્ રચ્યાપચ્યા રહેતા હોય છે. આખું જગત ઈશ્વરથી છવાયેલું છે એ જાણવા છતાંય છેતરપિંડી કરતા જરાય અચકાતા નથી.

અખાએ સાચું જ કહ્યું છે:-

"એક મૂરખને એવી ટેવ,
પત્થર એટલા પૂજે દેવ;
નદી દેખીને કરે સ્નાન,
અખા, છતાંય ના આવ્યું બ્રહ્મજ્ઞાન."

બ્રહ્મજ્ઞાન ક્યાંથી આવે ? ભગવાનને મેળવવા બહાર ફાંફા મારે પણ હ્રદયમાં હ્રદયેશ્વર બિરાજ્યા છે તેનો તેને ખ્યાલ જ નથી. બોલે કંઇ, કરે કંઇ. ધર્મની મોટી મોટી વાતો કરતાં અધર્મ આચરતાં જરાય મૂંઝાય નહીં.

અનાજના એક વેપારી હતા. દરરોજ દુકાન ખોલી, ઘીનો દીવો કરી. બાજુમાં મંદિર હતું ત્યાં દર્શન કરવા જાય. એક વહેલી સવારે દુકાન ખોલી મંદિરમાં દર્શનાર્થે જતાં પહેલાં બાપે દીકરાને કહ્યું : "ચોખામાં ભેળસેળ કરી દીધી ? સારી દાળમાં હલકી દાળનું મિશ્રણ કરી દીધું ? સારા ઘીમાં હલકા ઘીનો ઉમેરો કરી દીધો ?" વગેરે....દીકરાએ અભિમાનપૂર્વક કહ્યું: "હા ડેડી, રોજની જેમ બધા ફેરફારો કરી દીધા." પિતાએ પુત્રને કહ્યું: "ચાલો, હવે આપણે દર્શન કરવા જઈએ."

જ્યાં આવી બનાવટ હોય ત્યાં પ્રભુની દયા ક્યાંથી ઊતરે ? આવા ધંધામાં બરકત પણ કેવી રીતે આવે ?

કેટલીક બહેનો વહેલી સવારે દર્શન કરવા મંદિરે જાય છે, મંદિરનો ચોક્કસ સમય જતો રહે તો દર્શન ન થાય. કેટલીક બ્હેનો સમય થઇ ગયો હોવાથી દોડતા દોડતા દર્શને જાય છે. તેમાં ન કરે નારાયણ ને કોઈ ભટકાઇ જાય તો એ બહેન પેલી વ્યક્તિ ઉપર ગુસ્સો કરે છે, ગમે તેમ બોલે છે. જાણે મોટો અનર્થ થઇ ગયો હોય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ માને છે. પોતે દોષિત હોવા છતાંય દોષનો ટોપલો બીજા પર લાદે છે.

કેટલાક દાનવીરો મોટા પ્રમાણમાં દાન કરે છે - હોસ્પિટલો બંધાવે છે, મંદિરો બંધાવે છે, ધર્મશાળા બંધાવે છે, છાપામાં ફોટા છપાય છે. એમના દાનની પ્રશંસા થાય છે. લોકો આવા દાનવીરોની મુક્ત કંઠે પ્રશંસા કરે છે. આવા દાનવીરોના હૃદય ઢંઢોળો તો તમને જાણવા મળશે કે કેટલાય ગરીબોની 'હાય' લઇ પૈસો ભેગો થયેલો છે. કેટલાય લાચારી ભોગવતા લોકોની લાચારીનો ગેરલાભ લીધો છે, કેટલાય જીવનની બરબાદી કરી ધન એકઠું કર્યું છે, કેટલાય અભણ લોકોને ગેરમાર્ગે દોરી એમની અજ્ઞાનતાનો ગેરલાભ ઊઠાવ્યો છે. આ રીતે ભેગા કરેલા ધનને સમાજમાં પોતાની પ્રતિષ્ઠા વધે એ માટે દાન કરે તો એ દાનની કિંમત કેટલી?

આવા પાખંડી લોકો કોરા ને કોરા જ રહ્યા છે.

કુદરતનો ફટકો પડવા છતાંય થોડોક સમય વૈરાગ્ય આવે પણ થોડા દિવસ બાદ એવા ને એવા જ કોરા.

કોઇ નજદિકના સગાનું મૃત્યુ થયું હોય ત્યારે સ્મશાનમાં વૈરાગ્ય આવે પરંતુ ઘરે આવ્યા બાદ એ બધું વીસરી જાય ને કોરા ને કોરા જાય....

એક ભાઈએ કહ્યું: "આખી ગીતા મને મોઢે છે." બીજા ભાઈએ કહ્યું "ભાગવત સપ્તાહ મેં ડઝનવાર સાંભળી છે." ત્રીજા ભાઇએ કહ્યું: "મેં ચારધામની યાત્રા અનેકવાર કરી છે." આવા કહેવાતા ધાર્મિક માનવીઓને પ્રભુ પ્રત્યેની સાચી લગની લાગે નહીં, અધર્મ કરતાં અચકાય નહીં ને દંભી જીવન જીવે. એવા માણસો ભલે ચારધામની યાત્રા કરે કે ભાગવત કે ગીતા કંઠસ્થ કરે તેનો કશો જ અર્થ નહીં, એ તો જીવનમાં કોરાને ને કોરા જ રહે છે.

એક ભાઇ સવારમાં વહેલા ઊઠી ગીતાના શ્લોકનું પઠન કરે. તેમના ઉચ્ચાર શુદ્ધ, ગીતાના શ્લોકો વ્યવસ્થિત રીતે મોટેથી બોલે પરંતુ જે જગાએ ગીતાના શ્લોકો બોલતા હતા ત્યાં મચ્છર હતા. આ ભાઇ પોતાના બન્ને હાથે મચ્છરોને મારતા જાય ને શ્લોકો બોલતા જાય. કહો આ ગીતાના શ્લોકો ઉચ્ચારવાનો અર્થ શો?

તમે જિંદગીની છેલ્લી ક્ષણ સુધી પૂજા-પાઠ કરો છતાંય કોરા ને કોરા જ રહો તો પછી તે પૂજા-પાઠનો શો અર્થ?

સંસારમાં આવી ઘણી વ્યક્તિઓ છે જે મશીનની માફક યંત્રવત પૂજા-પાઠ કરે છે. પરિણામે કોરા ને કોરા જ રહે છે.

સમજણ વગરની ભક્તિ એ સુવાસ વગરના પુષ્પ જેવી છે....!

અંતરયામીને અંતરાત્મા સાથે સદૈવ સમાગમમાં રાખી જીવન જીવે એ જ સાચો ભક્ત અને એ જ સાચી ભક્તિ.

લેખક : હરિભાઈ ત્રિવેદી
સંકલન : રાયચંદ મગનલાલ શાહ
બોરીવલી-વેસ્ટ * મુંબઇ ૪૦૦ ૦૯૨

- સારા-નરસામાં ફેર છે
- ધરતી આકાશમાં ફેર છે
- બધે આ ખાડી હોય તો વેરાન જગ્યા કયાં જાય?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### મુંબઈમાં યોજાયેલો શ્રીમદ્ રાજચંદ્ર દેહવિલય શતાબ્દી વર્ષનો

# વિશિષ્ટ આંતરરાષ્ટ્રીય મહોત્સવ

મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક અને આ યુગમાં જૈનદર્શનના મૂળ માર્ગને દર્શાવનાર અપૂર્વ તત્ત્વજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજીના દેહવિલયનું આ શતાબ્દી વર્ષ છે શ્રીમદ્ રાજચંદ્રજીએ દર્શાવેલું તત્ત્વજ્ઞાન વ્યાપકપણે સમસ્ત વિશ્વમાં ફેલાય અને વિશાળ માનવજાતિને એમાંથી આત્મકલ્યાણની પ્રેરણા મળે તે માટે આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રીમદ્ રાજચંદ્ર દેહવિલય શતાબ્દી વર્ષે આંતરરાષ્ટ્રીય મહોત્સવ સમિતિ તરફથી ભવ્ય અને વિશાળ પાયા પર આયોજન કરવામાં આવ્યુ છે. જાણીતા અધ્યાત્મસાધકો, ચિંતકો, વિદ્વાનો, જૈન ધર્મના તમામ સંપ્રદાયના દેશવિદેશના અગ્રણીઓનો તથા ચારે ફિરકાના મહાનુભાવોનો અને શ્રીમદ્‌ના વિચારને અનુસરતા આશ્રમો અને કેન્દ્રોના હૂંફાળો સાથ અને સહકાર મળ્યો છે. એના પ્રથમ ચરણરૂપે આગામી ૭મી મેએ સવારે નવ વાગે મુંબઈના સન્મુખાનંદ હોલમાં એક આધ્યાત્મિક કાર્યક્રમ વિખ્યાત બંધારણવિદ, જૈનદર્શનના ઊંડા અભ્યાસી અને રાજ્યસભાના માનનીય સભ્ય ડૉ. એલ. એમ સિંઘવીના પ્રમુખસ્થાને યોજયો હતો. આ સમયે કેનિયા, બ્રિટન, અમેરિકા અને અન્ય દેશોના જૈન અગ્રણીઓ ઉપરાંત શ્રી દીપચંદભાઈ ગાર્ડી, શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ ઉપસ્થિત રહેલ. આંતરરાષ્ટ્રીય મહોત્સવ સમિતિના આયોજન માટે શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન ટ્રસ્ટ (વવાણિયા) અને શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ (સાયલા) જેવી અગ્રિમ સંસ્થાઓની સાથે સમગ્ર વિશ્વમાં જૈનદર્શનના પ્રસારનું કામ કરતી ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજી (લંડન) પણ આમાં જોડાઈ હતી. આ કાર્યક્રમ સમયે શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનને કેન્દ્રમાં રાખીને "દિવ્ય જયોતિનો અમર પ્રકાશ" નામની ફિલ્મ, બસો જેટલાં ચિત્રો ધરાવતું "મૂળ માર્ગનું અમૃત અને અધ્યાત્મનું શિખર" એ નામનું શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનચરિત્રનું સચિત્ર પ્રેરક પુસ્તક તથા રાજચંદ્રજીએ રચેલાં અમર પદોની ઓડિયો કેસેટ તેમજ વિશાળ ચિત્રપ્રદર્શન યોજવામાં આવ્યાં. આ આયોજનમાં અમેરિકા, ઇંગ્લેન્ડ, નેપાળ, સિંગાપોર, જાપાન, હોંગકોંગ, કેનિયા બેલ્જિયમ અને ઓસ્ટ્રેલિયાના અગ્રણીઓ અને મોવડીઓ સામેલ થયેલ સૌ પ્રથમ વાર આંતરરાષ્ટ્રીય સ્તરે અનેકવિધ આયોજનો સાથે યોજાઈ રહેલો આ ઐતિહાસિક મહોત્સવ આમાં સામેલ થનાર સહુને માટે સદાનું સંભારણું બની રહ્યો.... 卐

---

**ક્રોધથી બચો....**

સમતાને અડીને રહે છે-
ન્યાયની સીમા....
ક્રોધને અડીને રહે છે-
અન્યાયની સીમા....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શોકાંજલિ

ભાવનગર નિવાસી **શ્રીમતિ પુષ્પાબેન શાંતિલાલ સોમાણી** (ઉં. વ. ૬૩) ગત તા. ૧૮-૬-૨૦૦૦ ને રવિવારના રોજ દુઃખદ અવસાન પામેલ છે.

તેઓશ્રી આ સભાના વર્ષોથી આજીવન સભ્યશ્રી હતા. આ સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત લાગણી અને મમતા ધરાવતા હતા.

ધાર્મિક ભાવના અને સાદગીભર્યું જીવન એ જ એમના જીવનનો મુદ્રાલેખ હતો.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ-પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે-સાથે સદ્ગતશ્રીના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

લી. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર

**પર્યુષણ પર્વની આરાધના કરવા માટે શ્રમણોપાસક યુવાનોને બોલાવો**

જે ક્ષેત્રમાં પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંત ચાતુર્માસ ન હોય તે સંઘ આરાધના કર્યા વિના રહી ન જાય તે માટે પ.પૂ પં **શ્રી ચન્દ્રશેખરવિજયજી ગણિવરના** માર્ગ-દર્શન નીચે તૈયાર થયેલા તથા તપોવની બાળકો માટે આજથી જ અરજી કરવા વિનંતી અત્યંત સંસ્કાર પામેલ ઓછામાં ઓછા ત્રણ(૩) યુવાનો મંજૂર થયે મોકલવામાં આવશે આવવા-જવાના ગાડી ભાડાના ખર્ચ સિવાય અન્ય કોઈ જ અપેક્ષા નથી.

યુવાનો બોલાવવા માટે નીચેના સરનામેથી ફોર્મ મંગાવવા....

**નીચે મુજબની માહિતી દર્શાવતી અરજી કરવી :**

(૧) સંઘના મુખ્ય ટ્રસ્ટીનું નામ, સરનામું, ટેલીફોન નંબર [ ફોન નંબર અવશ્ય લખવો ]
(૨) તમારા ગામમાં બીજા કોઈ સંઘ છે? જ્યાં પર્યુષણ પર્વની આરાધના થાય છે?
(૩) તમારા ગામમાં જૈનોના કેટલા ઘર ખુલ્લા છે?
(૪) આરાધના કરવા આવનાર વ્યક્તિની સંખ્યા કેટલી? પ્રવચનમાં, પ્રતિક્રમણમાં.
(૫) તમારા ગામમાં પૂ. સાધ્વીજી મ.સાનું ચતુર્માસ છે કે નહિ? જો હોય તો તેમની વિગત તમારા ગામમાં કોઈ બીજે સ્થળે પણ જો હોય તો પણ માહિતી જણાવશો.
(૬) શ્રી સંઘમાં ૧૪ સુપનની ઉપજ દેવદ્રવ્યમાં જ જમા થાય છે? તે અંગે ખુલાસો.

સંપર્ક: **શ્રી લલિતભાઈ ધામી : અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષકદળ**(પર્યુ. વિભાગ)
૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ, રીલીફ રોડ, અમદાવાદ-૧ ફોન ૫૩૫૬૦૩૩, ૫૩૫૫૮૨૩

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કમળીનું કારમું કષ્ટ ટળ્યું

[ "જેને હૈયે શ્રી નવકાર" પુસ્તકમાંથી સાભાર ]

અ.સૌ. પાનબાઇ રાયશી ગાલા
( ઉનડોઠવાલા )

સં. ૨૦૨૬માં મારા પેટમાં તીવ્ર શૂળની વેદના ઊપડી. આમ તો બાર મહિના અગાઉ ભૂખ લાગતી નહિ. ડોક્ટરને બતાવતાં તેમણે કહ્યું કે લીવરમાં સોજા છે. દસ ઈંજેક્શનનો કોર્સ કરવો પડશે. પણ ગામડાં ગામમાં રહેતા હોવાથી ચાર ગાઉ દૂર ડોક્ટર પાસે ઇન્જેક્શન લેવા જવું પડે. બસ વગેરેનું સાધન આવવા જવા માટે નહોતું ને ઘરે ડોક્ટર આવે તે પરવડે તેમ નહોતું. એ કારણે ઉપેક્ષા કરી ને ઓછી ભૂખના કારણે ઉપવાસ આદિ તપસ્યા સારી રીતે થઇ શકતી, જેથી વીસ સ્થાનકના ઉપવાસ આદિ કરતી. એનાથી ઠીક લાગતું.

પણ પછી એક દિવસ શરીર આખું પકડાઇ ગયું ને પેટમાં ધીમો દુઃખાવો શરૂ થતાં થોડા દિવસ પછી તીવ્ર વેદના ઊપડી માંડવી વગેરે મોટા ગામમાં ડોક્ટરોને બતાવતાં તેમણે કહ્યું કે ઓપરેશન થશે. ને તે પણ મુંબઇ અગર અમદાવાદ જાઓ. અહિ અમારું કામ નથી. હવે ખૂબ જ મુશ્કેલી ઊભી થઇ. મારા પતિદેવ દેશાવરમાં નોકરી કરતાં હતા, જેથી તાર કરીને તેઓને બોલાવ્યા. તેઓને આવતાં લગભગ દશેક દિવસો નીકળી ગયા પણ એટલા દિવસોમાં ખૂબ જ તીવ્ર શૂળની વેદના ચાલુ રહી મારા મનમાં વિચાર આવ્યો કે મુંબઇ જઇને ઓપરેશન થશે, ને કદાચ મરી જઇશ તો હોસ્પિટલમાં મને નવકાર સંભળાવનાર પણ કોઇ નહિ મળે. માંડવી પાસેના કચ્છ-કોડાય ગામમાં મારા **પરમોપકારી, યોગનિષ્ઠા** ગુરુણી **સા. શ્રી ગુણોદયશ્રીજી મ. સા.**નું ચોમાસુ હતું. અષાઢ મહિનાના દિવસો હતા. વરસાદ અનરાધાર વરસતો હતો. માંડવી હોસ્પીટલમાંથી પાછું ગામડામાં જવું ને ત્યાંથી ફરી મુંબઇ માટે જવાનું ખૂબ જ મુશ્કેલ હોવાથી મેં મારા નાના દીકરાઓને કહ્યું કે, 'મને અહીંથી ગુરૂણીજી પાસે લઇ ચાલો. તમારા બાપુજી આવે ત્યાં સુધી મારે ત્યાં જ રહેવું છે. ને અંતિમ સમયની બધી વીધિ કરી લઉં. કારણ કે હવે આ માંદગી-માંથી ઉગરવાની આશા લાગતી નથી.' એ વિચારે અમો કચ્છ કોડાય ગામે પૂ ગુરૂણીશ્રીજી પાસે ચાલ્યા. **પૂ. ગુરુણીશ્રીજીને વિનંતી કરી કે મારી વેદનાની શાંતિ નિમિત્તે શ્રી સંઘને કહીને સવાલાખનો નવકાર મંત્રનો જાપ કરાવો. મારી એ વિનતીને ધ્યાનમાં લઇને એક દિવસ આખો શ્રી સંઘ નવકારના જાપમાં બેસી ગયો! મારી વેદના કોઇથી સહી શકાતી નહોતી.** આમ લગભગ આઠેક દિવસ પસાર થઇ ગયા. વેદના તીવ્ર હતી તે મંદ પડી ને એ અરસામાં મારા પતિદેવ ત્યાં આવી ગયા. ને અમો મુંબઇ જવા રવાના થયા.

પણ હવે બન્યું એવુ કે નવકાર મંત્રના પ્રભાવથી જ રસ્તામાં મારા પતિદેવને એક માણસ મળી ગયો. ને વાતચીત કરતા તેણે કહ્યું કે મુંબઇ જઇને ઓપરેશન ન કરાવશો પણ રસ્તામાં માંડવી-ભુજ રોડ ઉપર દહીંસરા ગામ આવે છે, ત્યાં એક વૈદ્ય રહે છે. તે પેટના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરદ માટે ખૂબ જ અકસીર ઇલાજ કરે છે વગેરે વગેરે ખૂબ જ ભારપૂર્વક કહ્યું જેથી અમો મુંબઇ જતા જતા રસ્તામાં દહીંસરા ગામમાં વૈદ્યને બતાવતા જઇએ એમ વિચારીને ટેક્ષી-વાળાને કહ્યું કે, 'થોડી વાર થોભીને પણ અમોને દહીંસરા લઇ જા'. ત્યાં વૈદ્ય પાસે જઇને બતાવ્યું. વૈદ્યે કહ્યું કે, 'કમળી થઇ ગઈ છે, ને હવે ફૂટવાની તૈયારી છે. માંડ એક બે દિવસ નીકળે ને જો અંદર કમળી ફૂટી ગઇ તો ખેલ ખલાસ!' વૈદ્યને પૂછતાં એણે કહ્યું કે, 'હા મારી પાસે ઉપાય છે, પણ ડામનો! ડોક્ટરીનો આખરી ઉપાય ઓપરેશન, તેમ વૈદ્યકનો છેલ્લો ઉપાય ડામ. એટલે ટાઢા દેવ-રાવવા!....અમો ખૂબ જ વિચારમાં પડ્યા. વૈદ્યને ભારપૂર્વક પૂછતાં તેણે કહ્યું કે, 'હા મારા ઉપચારોથી આ બાઇને હું અવશ્ય બચાવી લઇશ ને તે વિષે તમો કહો તો કાગળ ઉપર લેખીત ખાતરી આપીને સહી કરી દઉં. સાથેના સંબંધીઓએ, પતિદેવ વગેરેએ મને પૂછ્યું. મેં કહ્યું કે ભલે વૈદ્ય ઉપચાર કરે. **મારે મુંબઇ નથી જાવું. ઘરે જઇને મરીશ તો નવકાર તો મળશે!** મુંબઇમાં પછી પરાધીન થઇ જઇએ. એ રીતે અમો ટાઢા દેવરાવીને મુંબઇ ન જતાં ઘરે પાછા ગયા. ઘેર વરસાદના કારણે ઘણી જ મુશ્કેલીથી પહોંચ્યા. કાદવમાં ગાડાના પૈડા ખૂંચી જાય ને પૈડા ઉપર પાણી ફરી વળે ગામડામાં કાચા રસ્તા હોવાથી બસ કે ટેક્ષી ત્યાં જઇ ન શકે. એવી રીતે મુશ્કેલીથી ઘરે જઇને વૈદ્યના કહ્યા પ્રમાણે ઉપ-ચારો કરવાથી પેટના ભાગમાં જે ગાંઠ હતી તે ઉપર તરી આવી.

નાની કેરીના આકારની કઠણ પથરા જેવી ગાંઠ બહાર ઉપસી આવી. ત્યાર બાદ વૈદ્યના કહ્યા પ્રમાણે ઉપચાર કરવાથી ગાંઠ બહાર ફૂટી. નળમાંથી પાણીની ધાર છૂટે એવી રીતે ગાંઠ-માંથી રોગ તથા કાળા લોહીનો ધોધ વછૂટ્યો. દર્દ લગભગ પેટના જમણા પડખાથી થઇને પાછળ કરોડરજ્જુ સુધી કઠણ પથ્થર જેવું બંધાઇ ગયું હતું, તે બધું જ ધીરે ધીરે તેમના ઉપચારોથી ફૂટીને રોગ તથા કાળા લોહી મિશ્રીત લગભગ ચાર પાંચ કીલો ઉપરાંત કચરો બહાર નીકળી ગયો....ને આમ હું **મોતમાંથી નવકાર મહામંત્રના પ્રભા-વથી બચી ગઈ.** એજ અરસામાં અમારા ઓળખીતા પાસેના ગામના બે માણસો પચીસ ને પાંત્રીસ વર્ષની ઉંમરના મુંબઇમાં આવી જાતના દરદથી પીડાઇને મરણ પામ્યા. આ બધું જોઇને મુંબઇમાં રહેતા અમારા સંબંધીઓએ અતિશય ભારપૂર્વક પત્રો લખ્યા કે તમો મુંબઇ આવી જાઓ ને આવા ઊંટ વૈદ્યોના ભરોસે કચ્છમાં કેમ બેઠા છો? વગેરે કારણોથી તેમના મનના સમાધાન માટે તથા દરદના નિદાન માટે અમો મુંબઇ ગયા. જો કે દરદનો નિકાલ થઇ ગયો હતો, પણ અશક્તિ બહુ જ લાગતી હતી, જેથી વિમાન દ્વારા મને મુંબઇ લઇ ગયા. ત્યાં નિદાન થયું, પૂરું તપાસ્યું પણ કોઇ જાતના જંતુ ન હતા ને ચાલુ ગુમડું છે એમ ડોકટરોએ કહ્યું! શક્તિના ઉપચારો કરીને અમો પાછા દેશમાં આવી ગયા.

અમો મુંબઇ હરકીશન હૉસ્પિટલમાં હતા. એ જ અરસામાં અમારા પાસેના ગામ કચ્છ ભોજાયના એક બાઇને એ જ હૉસ્પિટલમાં લાવવામાં આવી. મારા જેવી જ તેમના દર્દની હકીકત હતી. પણ ડોકટરોએ તપાસીને લોહીનું કેન્સર કહીને રજા આપી દીધી. હૉસ્પિટલમાં રાખી પણ નહિ. ને દેશમાં સાત મહિના તીવ્ર વેદના ભોગવીને અંતે મરણને શરણ થઇ.

**આવી રીતે મને નવકારમંત્રના પ્રભાવથી કમળી પાકી જવાની ભયંકર બીમારીમાંથી જે જે યોગ્ય ઉપચારો જોઇએ તે મળતા ગયા ને હું બચી ગઇ.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવી રીતે એક બીજો પણ અનુભવ મને થયો. અગાઉ જણાવ્યા મુજબ અમો કચ્છમાં સાવ નાના ગામડામાં રહેતા હોવાથી દરેક ચીજ વસ્તુ લેવા તથા ચક્કી નહિ હોવાથી અનાજ દળાવવા પણ પાસેના ગામડામાં જવું પડે. આસપાસના ગામોમાં કોઈ વખત એકલા પણ આવ-જા કરવાનું બનતું. એકેક ગાઉ ઉપર ફરતા ગામડા હોવાથી ચીજ વસ્તુ લેવા માટે એકલા જતાં પણ બીક લાગતી નહિ. તેથી હું એક દિવસ બપોરના મધ્યાહ્ન સમયે પાસેના ગામડામાં જતી હતી, કારણ કે વળતાં સામાન સાથે હોવાથી બસનો સહારો લેવાનો હતો, જેથી બપોરના એક વાગે જતા રસ્તામાં એક મોટો પાણીનો વોંકળો-ચાર છ માણસ જેટલો ઊંડો પાણી વગરનો દ્રહ આવતો હતો. ઓચિંતા મારી નજર દ્રહની પેલી પાર પડી. ત્યાં સામી બાજુથી કૂતરા જેવું કોઈક પ્રાણી ઉતાવળી ચાલથી ચાલતું આવતું હતું. પહેલા તો મને થયું કે કૂતરું હશે, પણ પછીથી ઓચિંતો ખ્યાલ આવ્યો કે હમણાં લોકો કહે છે કે આ સીમમાં એક ભગાડ નામનું હિંસક પ્રાણી ફરે છે ને ઘેટાં-બકરાંને હેરાન કરે છે વગેરે વાત યાદ આવી ને હું ભય પામીને મનમાં નવકારમંત્રનું સ્મરણ કરતી ઊભી રહી ગઈ. **બાર નવકાર ગણીને મનમાં સંકલ્પ કર્યો કે જો હિંસક જાનવર હોય તો આ રસ્તો મૂકીને દૂર ચાલ્યું જાય. ને નવકાર ગણીને હાંકોટો માર્યો કે તરત જ સામેથી આવતું પ્રાણી પાછું વળીને દક્ષિણ દિશામાં કિનારા તરફ ચાલ્યું ગયું.** હું પૂર્વમાં જતી હતી, એ સામો આવતો હતો. જો અમે બંને સામસામે બેખબર ચાલ્યા જઈએ તો વોંકળામાં અમારો ભેટો થાય. ત્યાં કોઈનો અવાજ પણ ન સંભળાય એવી ગંભીર પરિસ્થિતિ હતી. **હવે તો રસ્તામાં એકલા ક્યાંય જવાનું થાય તો નવકારમંત્રને રક્ષક તરીકે રાખીને નવકાર ગણતી ગણતી ચાલતી જાઉં, એવી આદત થઈ ગઈ છે.** જેથી આ હિંસક પ્રાણી ઉપર ઓચિંતી નજર પડી ગઈ, એ સામે કાંઠે હતું ને હું આ કાંઠે હતી. નવકાર મંત્રના પ્રભાવે મારી રક્ષા થઈ ગઈ. એવી રીતના બીજા પણ બે-ત્રણ જાતના અનુભવો છે. ખરેખર અચિંત્ય મહિમાવાળો નવકારમંત્રનો પ્રભાવ આવા કલિકાળમાં પણ અનુભવવામાં આવે તે અદ્‌ભુત છે!.... 卐

## કૃપા દૃષ્ટિ....



પાપો આપણા જો અનંત છે તો
પરમાત્માની કરુણા પણ અનંત છે.
આશ્વાસન આપણે માટે હોય તો
એટલું જ છે કે–
આપણા અનંત પાપો અંધકારના કુળના છે
જ્યારે પરમાત્માની અનંત કરુણા પ્રકાશના કુળની છે.
એનું એક જ કિરણ પ્રાપ્ત થાય
અને આપણા અનંત પાપો ગાયબ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જીવનની ઉન્નતિના બાર મહામંત્રો....

૧. પોતાનું કાર્ય સાચી સમજણપૂર્વક, સત્યનિષ્ઠાથી કરો.
૨ આવક કરતાં ખર્ચ ઠીક ઠીક ઓછો રાખજો;
જેથી જીવન ચિંતામુક્ત અને કરજ વગરનું રહી શકશે.
૩ જીવનની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરશો તો
સમયના અભાવનો પ્રશ્ન સ્વયં હલ થઇ જશે.
૪. સંપત્તિનું જેટલું જતન કરો છો તેટલું જ જતન
સંતતિને સંસ્કારિત બનાવવા માટે કરજો.
૫ ખાનદાન અને ઉમદા મનુષ્યોની જ સોબત કરજો.
૬. સ્વચ્છતા અને વ્યવસ્થાનો જીવનના સર્વ ક્ષેત્રોમાં
બરાબર ખ્યાલ રાખજો.
૭. તમારી વાણી ધીમી, સાચી. મીઠી, ખપપૂરતી અને
આદર દેવાવાળી રાખજો.
૮ જીવનમાં પ્રભુ પર અતૂટ વિશ્વાસ રાખો,
તેની સંપૂર્ણ શરણાગતિ કેળવો.
૯ ઉત્તમ અને અધિકૃત ગ્રંથોનું વારંવાર નિયમિત વાંચન કરો.
૧૦ શ્રદ્ધા, ધીરજ અને ખંતને કાર્યની સફળતા માટે
પાયારૂપે સ્વીકાર કરો.
૧૧ ધ્યેયનિષ્ઠ અને અડગ નિશ્ચયવાળા બનો.
૧૨. પ્રત્યેક પ્રાણીમાત્રમાં પરમાત્માના દર્શન કરો, જેથી
વિશ્વમૈત્રી અને ચિત્તની શાંતિનો અનુભવ થવા લાગશે.

: With Best Compliments From :

# AKRUTI
## NIRMAN PVT. LTD.

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, Sion (W.), MUMBAI-400 022
Tele. : 40817 5162 (Code No. 022)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
પ. પૂ. આગમપ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી

# જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો

[ હપ્તો ૧૯ મો ] [ ગુરુ વાણી ભાગ-૨માંથી સાભાર... ]

( ગતાંકથી ચાલુ )

**પર્વનો દરજ્જો :**

આજે મહામંગલકારી પર્યુષણનો પ્રથમ દિવસ છે. તમારે ત્યાં દિવાળી આવે ત્યારે તમે ઘરને સાફ કરીને રંગ-રોગાન વગેરેથી શણગારો છો ને ! તેમ આ મહાપર્વની પધરામણી થઇ છે તો તમારા મન રૂપી ઘરમાં બાઝેલા અનાદિકાળના રાગ-દ્વેષ રૂપી જાળાને સાફ કરજો. જ્ઞાનીઓ કહે છે કે આ મહાપર્વની આરાધના સફળ ત્યારે જ બને કે જ્યારે વિશ્વના સમસ્ત જીવોની સાથે આપણે મૈત્રી બાંધીએ. આ મહાપર્વનું મુખ્ય અંગ જ ક્ષમાપના છે. શાસ્ત્રકારોએ આ દિવસને મહાપર્વ બનાવી દીધું જેથી આ દિવસોમાં ખમાવવા જતાં કોઇને નાનપ ન લાગે. જેમ બેસતા વર્ષે બધા સાલ મુબારક કરવા નીકળે છે ત્યારે કોઇને એમ ન થાય કે આ માણસ આજે કેમ આવ્યો ? કારણ કે તે પર્વના દિવસે બધાજ સાલ મુબારક કરતા હોય છે. તેમ આ ક્ષમાપનાના પર્વને લીધે માણસને કોઇને ત્યાં જતાં શરમ ન આવે, લઘુતા ન આવે.

**પર્યુષણ શબ્દાર્થ :**

પર્યુષણ શબ્દ આમ તો છેલ્લા દિવસને માટે જ વપરાયો છે, પરંતુ બીજા સાત દિવસો તેને લગતા હોવાથી આપણે આઠે દિવસને પર્યુષણા કહીએ છીએ. પૂર્વના કાળમાં સાધુઓનો વિહાર નવકલ્પી રહેતો. એક જગ્યાએ એક મહિનો રહે એમ આઠ સ્થાનોના આઠ કલ્પોને માસકલ્પ કહેવાતા. નવમો કલ્પ 'પર્યુષણાકલ્પ' કહેવાતો. **પરિ એટલે એક સામટું, ઉષણા એટલે વસવાટ. 'એક સામટો વસવાટ'** તેને કહેવાય પર્યુષણાકલ્પ. સાધુઓ ચોમાસુ નજીક આવે એટલે પાટ-પાટલા-વસતિ વગેરેની શોધ કરે. કારણ કે એ જમાનામાં આજના જેવા અફલાતુન ટાઇલ્સોવાળા ઉપાશ્રય નહોતા, લીંપણ વગેરે હતું તેથી ભૂમિ જીવાકુળ હોવાને લીધે બરાબર નિરીક્ષણ કરવાનું હોય. જે ગામમાં પાટ-પાટલા વગેરે ચીજો મળી રહે તેમ હોય ત્યાં ચોમાસુ નક્કી કરે. આજની જેમ ત્યારે સંઘો વિનંતી કરવા નહોતા આવતા. પૂર્વના સાધુઓનું જીવન જુઓ તો ચકિત થઇ જવાય. કેવા સંજોગોમાં કેવી કઠીન જીવનચર્યામાં આ મહાત્માઓએ ધર્મને ચલાવ્યો, ટકાવ્યો અને આપણા સુધી પહોંચાડ્યો છે.

**પર્યુષણા કલ્પ :**

પર્યુષણા કલ્પ અષાઢ સુદ ૧૫થી શરૂ થાય. વદ એકમથી વદ પાંચમ સુધી સાધુઓ ગામમાં વસ્તુઓની તપાસ કરે. જો પાટ-પાટલા વગેરે મળી શકે તેમ ન હોય તો ત્યાંથી વિહાર કરે. બીજા ગામમાં અષાડ વદ ૬થી દસમ સુધી તપાસ કરે. ન મળે તો આગળ ચાલે આમ પાંચ-પાંચ દિવસ તપાસ કરતા કરતા ભાદરવા શુદ પાંચમ સુધી કરે. છેવટે ન મળે તો ઝાડ નીચે પણ રહી જાય.... પણ હવે વિહાર બંધ. છેલ્લા પાંચ દિવસ સાધુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગામમાં તપાસ કરે અને બીજી બાજુ કલ્પ-સૂત્રનું વાંચન કરે. કલ્પ એટલે આચાર સાધુઓની વચ્ચે વડીલ સાધુ મહારાજ આચારોનું વર્ણન કરે. જેથી બધા સાધુઓને ખ્યાલ આવે કે ચોમાસામાં કેવી રીતે વર્તવાનું છે પાંચ દિવસ કલ્પસૂત્ર વાંચવાની જે રુઢિ હતી તે અત્યારે પણ કાયમ રહી. સામાન્ય રીતે આપણે ત્યાં આઠ દિવસના કાર્યક્રમો રહેતા તેથી પાંચ દિવસ કલ્પસૂત્ર અને બીજા ત્રણ દિવસ શ્રાવકના કર્તવ્યો. આ આઠ દિવસનો મહિમા જૈન સમાજમાં જબરો છે. ગમે તેવા સંજોગો હોય પણ આ આઠ દિવસ તો અચૂક આબાલવૃદ્ધ સૌ આરાધના કરે જ.

**ત્રણ વર્ગ :**

શ્રાવકના ત્રણ વર્ગ છે. સદિયા, કદિયા ને ભદિયા. હંમેશા આરાધના કરનારો વર્ગ સદિયા કહેવાતો. કદિયા એટલે કોઇક જ વાર તિથીએ કે પર્વના દહાડાઓમાં આરાધના કરે. પહેલાં તો તિથીઓનું મહત્ત્વ ખૂબ હતું, પણ હવે આ વાર આવ્યા ત્યારથી તિથીઓનું મહત્ત્વ ગયું, કંઇપણ કરવું હોય તો કહે કે રવિવારે રાખો. બીજા વારે કોઇની હાજરી જ ન મળે ! ભદિયા એટલે ભાદરવામાં જ ઉપાશ્રયે આવનારા. ગમે તેવો નાસ્તિક હોય પણ સંવત્સરીનું પ્રતિક્રમણ તો કરે જ.... પર્યુષણના આઠ દિવસમાં પણ મહાપુરુષોએ એવા કર્તવ્યો બતાવ્યા છે કે તેના દ્વારા બાર મહિનાનું ભાથું બાંધી લે

શ્રાવકના મુખ્ય પાંચ કર્તવ્યો છે. (૧) અમારિપ્રવર્તન, (૨) સાધર્મિક વાત્સલ્ય, (૩) પરસ્પર ખામણાં, (૪) અઠ્ઠમ તપની આરાધના અને (૫) ચૈત્ય પરિપાટી. આ પાંચે કર્તવ્યોને બરાબર આરાધવા જોઇએ. પહેલાં ત્રણ કર્તવ્યોને તો રોજ આરાધવા જોઇએ. હવે પહેલું કર્તવ્ય જોઇએ.

**અમારિ પ્રવર્તન-જુગલ જોડી :**

આખા ગુજરાતમાં અને અઢાર દેશોમાં અમારિ પ્રવર્તાવનાર પૂ. શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ તથા શ્રી કુમારપાળ મહારાજા છે. આ આચાર્ય ભગવંત આપણને સાધર્મિક વાત્સલ્યમાંથી મળ્યા છે. ધંધુકામાં ચાચિક નામનો મોઢ વાણિયો રહેતો હતો. તેની પત્નીનું નામ પાહિની હતું. પાહિનીને એક રાત્રે સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે જોયું કે મારી પાસે એક રત્ન આવ્યું અને તે રત્ન મેં ગુરુમહારાજને વહોરાવી દીધું. એ અરસામાં પૂ. શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજ ત્યાં બિરાજમાન હતા. તેણે પૂ. ગુરુભગવંતને તે સ્વપ્ન કહ્યું. આચાર્ય મહારાજ ખૂબ જ્ઞાની હતા. તેમણે પાહિનીને કહ્યું કે એક મહાન્ રત્ન તારા ઉદરમાં અવતરશે, તે તું મને આપી દેજે. સમય વીતતો ચાલ્યો. **વિ. સં. ૧૧૪૫ના કાર્તિક પૂર્ણિમાના દિવસે પૂર્ણચન્દ્ર જેવા તેજસ્વી પુત્રરત્નને પાહિનીએ જન્મ આપ્યો** અને તેનું નામ ચાંગો એવું રાખ્યું. બીજના ચંદ્રની જેમ તે વૃદ્ધિ પામવા લાગ્યો. આ બાજુ આચાર્ય ભગવંત વિહાર કરીને ધંધુકા પધારે છે. આચાર્ય ભગવંત દેરાસરમાં દર્શનાર્થે ગયા છે અને ત્યાં દર્શન કરવા પાહિની અને તેનો પુત્ર ચાંગો આવે છે. આચાર્ય મહારાજશ્રીના ખાલી પડેલા આસન પર ચાંગો બેસી જાય છે. આચાર્ય મહારાજ જુએ છે **'પુત્રના લક્ષણ પારણામાં'** જોતાંની સાથે જ પેલું સ્વપ્ન યાદ આવે છે પુત્રનું વિશાળ લલાટ અને તેજસ્વી મુખમુદ્રા જોઇને પાહિની પાસે પુત્રની માંગણી કરે છે. પુત્રમોહના કારણે પહેલાં તો પાહિની ના પાડે છે. આચાર્ય મહારાજશ્રીએ ઘણુ સમજાવ્યું તેમજ સંઘ પણ ભેગો થઇને તેને ઘેર જાય છે અને પાહિનીને સમજાવે છે. પાહિની વિચારે છે કે ૨૫મા તીર્થંકર રૂપ આ સંઘ મારે આંગણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યો છે. મારે તેમની વાતનો સ્વીકાર કરવો જોઈએ. આમ વિચારી પાહિનીએ પોતાનો પુત્ર ગુરૂ મહારાજને વહોરાવ્યો. તે પુત્રને લઈને આચાર્ય મહારાજ ખંભાત આવે છે. ત્યાં ઉદયન મંત્રીને આ પુત્ર સાચવવા માટે સોંપે છે. આ બાજુ જ્યારે પાહિનીએ પુત્રને વહોરાવ્યો ત્યારે તેનો પિતા ચાચિક બહારગામ ગયેલો. બહારગામથી ઘેર આવે છે અને પુત્રને નહીં જોતાં પાહિનીને પૂછે છે કે મારો લાલ ક્યાં ગયો ? પાહિની કહે છે કે ગુરૂ મહારાજ તેને લઈ ગયા. તે શાસનનું અણમોલ રત્ન બનશે. આ સાંભળતાની સાથે જ ચાચિક ગુસ્સે થાય છે. તરત જ ખંભાત આવે છે. પુત્રની માંગણી કરે છે. આચાર્ય મહારાજશ્રી તેને ઉદયન મંત્રી પાસે મોકલે છે.

(ક્રમશઃ)




શ્રી આત્માનંદ સભા

દ્વારા પ્રકાશિત

"શ્રી આત્માનંદ પ્રકાશ"

રૂપી

જ્ઞાન દિપક

સદા

તેજોમય રહે

તેવી

હાર્દિક

શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


વાવાઝોડાના પવન વચ્ચેય દીવો પ્રગટાવનાર
ધન્યવાદને પાત્ર છે....

અત્યારની સખત મંદીના વાતાવરણ વચ્ચેય
કરોડોનો વેપાર કરનાર લોકચાહના મેળવે જ છે....

પ્રતિકૂળ પવન અને ખૂબ ઉછળતા મોજાઓની
પરવા કર્યા વિના સામે પુરે તરીને કાંઠે પહોંચનાર
પ્રશંસાને પાત્ર છે....

એમ જ....
વિલાસી વાતાવરણ અને પ્રલોભનો વચ્ચે જીવવા છતાંય
સ્વ-જીવનને સાત્ત્વિક અને સદ્‌ગુણી બનાવનાર પુણ્યાત્મા
વંદનીય છે....સ્મરણીય છે....પૂજનીય છે....

'શ્રી આત્માનંદ
પ્રકાશ' માસિક
ઉત્તરોત્તર પ્રગતિના
સોપાન સર કરે તેવી
હાર્દિક મનોકામના
અને શુભેચ્છા સહ....

## શાહ શાંતિલાલ લાલચંદ–હારીજવાળા

"શાંતિ સદન", ૧૩૨-વિજયરાજનગર, શાસ્ત્રીનગર સામે, ભાવનગર-૩૬૪ ૦૦૩
ફોન નં. : ૪૩૦૬૭૬



'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે
તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

**ડી. એલ. શાહ**

卐 પ્રેસર કુકર, સીલીંગ ફેન, પલંગ, ઘડીયાળ, મીક્ષ્ચર, સ્ટીલ વાસણ
સરળ હપ્તેથી ખરીદવા માટે મળો.

卐 ઇમ્પોર્ટેડ ફ્લાવર, થર્મોવેર, ક્રોકરી વેર, ફેન્સી પર્સ,
ગીફ્ટ આઇટમ, કાર્ડસ્ તથા હોમ એપ્લાયન્સની
અનેક વિવિધ વેરાઇટીઓ....

## ધનલક્ષ્મી એજન્સી ડીપાર્ટમેન્ટ

કાવેરી કોર્પોરેશન, નવાપરા, ભાવનગર ૩૬૪ ૦૦૧
હવેલીવાળી શેરી, વોરા બજાર, ભાવનગર ૩૬૪ ૦૦૧
ફોન : (૦૨૭૮) ૪૨૭૬૦૨


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## ભાવનગર મર્કેન્ટાઇલ કો-ઓપરેટીવ બેન્ક લી.

**भावनगर मर्कन्टाइल को-ओपरेटीव बेन्क ली. Bhavnagar Mercantile Co-Operative Bank Ltd.**

**હેડ ઓફીસ** : લોખંડ બજાર, ભાવનગર : ફોન ૪૨૪૧૮૧, ૪૨૯૧૮૯

**બ્રાન્ચ** : માર્કેટીંગ યાર્ડ, ભાવનગર : ફોન ૪૪૫૦૦૮, ૪૪૬૨૬૧

માધવદર્શન, ભાવનગર : ફોન ૪૨૦૭૯૯, ૪૨૬૪૨૧

**-: થાપણના વ્યાજનાં દરો :-**

(તા. ૯-૫-૨૦૦૦ થી અમલમાં)

**સેવિંગ્ઝ** ૪:૫ ટકા

**ફિક્સ ડીપોઝીટ :-**

| | |
|---|---|
| ૩૦ દિવસથી ૧ વર્ષ કરતા ઓછા સમય માટે | ૬ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષ કરતા ઓછા સમય માટે | ૮ ટકા |
| ૨ વર્ષથી ૩ વર્ષ કરતા ઓછા સમય માટે | ૧૦.૫૦ ટકા |
| ૩ વર્ષથી ૫ વર્ષ કરતા ઓછા સમય માટે | ૧૧ ટકા |
| ૫ વર્ષ અને ઉપરાંતના સમય માટે | ૧૧.૫૦ ટકા |

-: વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ સંપર્ક સાધો :-

**શ્રી કનૈયાલાલ વૃજલાલ પંડયા** ચેરમેન

**શ્રી ઈન્દુકુમાર ઉકાભાઇ પટેલ** મેનેજીંગ ડીરેકટર

**શ્રી વલ્લભભાઇ ભાઈલાલભાઇ પટેલ** વા. ચેરમેન

**શ્રી પુરૂષોત્તમદાસ વૃજલાલ શાહ** જો. મે. ડીરેકટર

**શ્રી જે. એમ. શાહ** મેનેજર


**પ્રાર્થના**

રોગોનો ત્રાસ શબ્દોમાં પ્રગટે
એને ચીસ કહેવાય છે....
પણ....
આપણા દોષોનો ત્રાસ શબ્દોમાં પ્રગટે
એને પ્રાર્થના કહેવાય છે....

અત્યાર સુધી રોગીષ્ટ બની ઘણીએ ચીસો પાડી....
આવો હવે પ્રાર્થના કરીએ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


જેઓ અનંત ગુણના ભંડાર છે, ચોત્રીસ અતિશયોના ધારક છે તથા
માનવ જાતિના મહાન ઉદ્ધારક છે, તે શ્રી અરિહંત દેવોને અમારી
કોટિ કોટિ વંદના હો....

卐

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે
તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

# મેસર્સ કાંતિલાલ મગનલાલ શાહ

**કાપડના વેપારી**

મેઈન રોડ, જોરાવરનગર-૩૬૩૦૨૦ (જિ. સુરેન્દ્રનગર)

: ફોન : (STD. Code-૦૨૭૫૨)

ઓફિસ : ૨૨૮૪૨ / ૨૩૩૨૪ ઓ રેસી. ૨૨૦૫૬ / ૩૧૫૨૩

卐

# કોરસ ટાઈલ્સ પ્રાઈવેટ લિમીટેડ

નવાગામ, થાનગઢ-૩૬૩૫૩૦ (જિ. સુરેન્દ્રનગર)

ફોન : ૨૦૮૧૧ ઓ ૨૦૫૬૫ (STD. Code-૦૨૭૫૧)


## સાવધાન

મિત્રો સાથેના સંબંધ ઓછા થવાથી
કે તૂટી જવાથી
આપણને અવશ્ય અકળામણ થાય છે....

આપણા આત્મા પર મોહનું
એટલું ભારે આધિપત્ય છે કે
પરમાત્મા સાથેનો સંબંધ
પાતળો થાય કે તૂટી જાય
એની આપણને જરાપણ અકળામણ નથી....

સાવધાન થવું જરૂરી છે હો....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુંબઇમાં ભગવાન મહાવીર જન્મકલ્યાણક મહોત્સવની શાનદાર ઉજવણી....




ભગવાન મહાવીરસ્વામીના જન્મ કલ્યાણક મહોત્સવની શરૂઆત ગત તા. ૧૬-૪-૨૦૦૦ના રોજ સવારના ૮-૦૧ મિનિટે મુંબઇના દેરાસરોમાં ઘંટનાદપૂર્વક થઇ. મુંબઇ જૈન મહોત્સવ સમિતીના આહ્વાને લાખો અહિંસા પ્રેમીઓએ ઘંટનાદ, થાળીનાદ તેમજ જૈનં જયતિ શાસનમ્‌ના નાદોથી મુંબઇને ગજવી દીધું.

ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં બનાવાયેલ ક્ષત્રિયકુંડ નગરમાં સવારના ૧૧-૦૦ કલાકે ભારત સરકારના કેબીનેટ મંત્રીશ્રી સુરેશ પ્રભુના કરકમલ દ્વારા જૈન શાસનના ધ્વજનું ધ્વજારોહણ થયું. આ સુઅવસરે શ્રી સુરેશ પ્રભુએ કહ્યું કે માંસની નિકાસ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવા વિષે સરકાર ગંભીરતાપૂર્વક વિચાર કરી રહી છે. આ વિષયનો તુરત નિર્ણય કરવામાં આવશે.

જૈન સમાજે પ્રસારિત કરેલ ચાર પ્રસ્તાવો ઉપર શ્રી સુરેન્દ્રભાઇ સવાઇએ શ્રી સુરેશ પ્રભુ તેમજ શ્રી મુરલી દેવરાનું સમર્થન માગ્યું. શ્રી મંગલ પ્રભાત લોઢાએ સ્વાગત કરતા કહ્યું કે ભગવાન મહાવીરના જન્મ કલ્યાણકના આ ૨૬૦૦મા વર્ષને 'અહિંસા વર્ષ'' ઘોષિત કરવું જોઇએ.

મુંબઇ-કોંગ્રેસના અધ્યક્ષ શ્રી મુરલી દેવરાએ મલબાર હીલનું નામ મહાવીર હીલ કરવા માટે પોતાનું સંપૂર્ણ સમર્થન કર્યું. શ્રી સુરેન્દ્ર કે. શાહ, શ્રી વિરેન્દ્ર શાહ, શ્રી નરેશભાઇ શાહ તેમજ ઇન્દરમલ કોઠારીએ મહેમાનોનું સ્વાગત અહિંસા રથ આપી કર્યું. શ્રી રોમાલ જૈને ઉપસ્થિત નાગરિકોનું આભાર દર્શન કર્યું.

વિદેશી નાગરિકો તેમજ સર્વ ધર્મના સાધુઓએ ભગવાન મહાવીરના અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદના સિદ્ધાંતો ઉપર બનેલ ક્ષત્રિયકુંડ નગરની વિભિન્ન ઝાંખીઓની મુક્તકંઠે પ્રશંસા કરી તેમજ આવા આમજનને મુંબઇના અન્ય ભાગોમાં કરવાની જરૂરિયાત બતાવી.

For Private And Personal Use Only

## સહનશક્તિના સથવારે પુણ્યસંપત્તિનું ઉપાર્જન.....

शान्तितः शक्यते सोढुं,
दुखं धर्मविभावनात् ।
व्यपैति दुखं पापं च पुण्यं,
चासाद्यते ततः ॥

卐

☒ ઉપસ્થિત દુઃખ ધર્મભાવનાના બળે શાન્તિથી સહન કરી શકાય છે, અને એથી દુઃખ તથા પાપનો અન્ત આવે છે તેમજ પુણ્યસમ્પત્તિનું ઉપાર્જન થાય છે.

卐

☒ The present misery can be quietly endured by virtue of good reflections on Dharma; and hence misery as well as sin comes to an end and also merit is earned.

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
C/o. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
પ્રમુખ : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ વતી
સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગરમાં છપાયેલ છે